**ફોજદારી કેસ નં.૩૮૮૪૩/૨૦૧૭**

**<u>આંક ૧ નીચે હુકમ</u>**

૧. ફરીયાદીને સાંભળ્યાં.ફરીયાદી તર્ફે આંક ૪ ની પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધુ. આ કામે પક્ષકારોને નોટીસ કાઢતા ફરીયાદી અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે, પરંતુ આરોપી હાજર થયેલ નથી. ફરીયાદી/ ભોગ બનનાર હાલની પુરસીસથી જાહેર કરે છે કે, તેઓ આરોપી વિરૂધ્ધ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર) કરવા માગે છે અને તેઓ સદર કેસ આગળ ચલાવવો નથી. સદર પુરસીસ તેઓને વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખે છે.

૨. ઉપરોકત હકીકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે, આરોપીને કેસનો સમન્સ બજયો ન હોય અને આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજુ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ આરોપી વિરૂધ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે છે કે કેમ ? આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

 ૧. વાય બી.બૈજુ વિ. સ્ટેટ ઓફ કેરાલા,૨૦૦૮ ક્રિ.લો જ.૯૨૮

 ૨. યેસુદાસ અને બીજા વિ.સબ ઈન્સ્પેકટર ઓફ પોલીસ,કલ્લાસમેસરી અને બીજા. ક્રિ.લો.જ. ૧૨૯૦

૩. સદર ઓથોરીટીઓમાં કેરાલા હાઈકોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

 (એ) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એકપક્ષીય ક્રિયા છે અને દ્વિપક્ષીય ક્રિયા નથી.

 (બી) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનના નામે અરજી સદર કલમના કોઠાના કોલમ નં.૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમાં તેની સહી થઈ શકે.

 (સી) કોમ્પોઝીશનની અરજી ફરીયાદી / ભોગ બનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહીં.

 (ડી) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઈ ધ્યાને લેતા કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહીં.

 (ઈ) ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટે ગુનાનું સંજ્ઞાન લેતા પહેલાં ઈન્વેસ્ટેગેશનના સ્ટેજે પણ થઈ શકે.

૪. આમ,ઉપરોકત ઓથોરીટીઓમાં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ ક્રિ .પ્રો.કોડની કલમ ૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર/માફ) કરવા માટે માફ કરવાની

પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત નથી. તેથી હાલની પુરસીસ સ્વિકારવાને પાત્ર છે તેમજ ફરીયાદીની હકીકતને ઘ્યાને લેતા જો પુરસીસ ગ્રાહય રાખી કેસ કેંસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના કોઈ હિતને નુકશાન થતું હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરીણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતું નથી અને ફરીયાદી/ભોગ બનનારે સ્વૈચ્છિક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ છે. તેથી આરોપી હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહિન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાણાં વેડફવા બરાબર થશે. માટે ઉપરોકત તમામ પાસા ઘ્યાને લઈ હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:–હુકમ–:**

૧. આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૨૦(૧)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ત.ક.અમલદારશ્રીએ મુદૃામાલ પાવતી નં. ૯૯/૧૭ માં જણાવેલ રોકડ રકમ રૂા.૮૦,૦૦૦/– ફરીયાદીની ઓળખનો પુરાવો લઈ પરત આપવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીનખત અપીલ સમય વિત્યે રદ ગણવા.

આજરોજ તારીખ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ લોક અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૯/૨૦૨૧
અમદાવાદ.

(એચ.એસ.પટેલ)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૮, અમદાવાદ.
( UIC NO. GJ00969)